# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-08-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી SCOના દેશોના વડાઓની પરિષદની 25મી બેઠકમાં ભાગ લેવા ચીનના તિઆનજીન પહોંચ્યા
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે  વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 11 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે
3) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતનાં અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે.
4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું છે કે સંરક્ષણમાં આત્મનિર્ભરતાએ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ અસ્તિત્વ અને પ્રગતિ માટે એક શરત છે
5) કઝાકિસ્તાનના શિમકંદમાં ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારત પહેલીવાર સુવર્ણચંદ્રકો જીતી પ્રથમ સ્થાને 50

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM - SCO SUMMIT

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) ના દેશોના વડાઓની પરિષદની 25મી બેઠક આજથી ચીનના તિઆનજીનમાં શરૂ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શિખર સંમેલનમાં ભાગ લેવા માટે તિઆનજીન પહોંચ્યા છે. આ બે દિવસીય પરિષદમાં વીસથી વધુ દેશોના ટોચના નેતાઓ અને દસ આંતરરાષ્ટ્રીય સંગઠનોના વડાઓ ભાગ લેશે. ચીન પાંચમી વખત SCO શિખર સંમેલનનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકની અધ્યક્ષતા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ કરશે. ચીનની અધ્યક્ષતામાં 2025નું વર્ષ SCOના ટકાઉ વિકાસનું વર્ષ જાહેર કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . .

# PM-ZELENSKYY-CALL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે ટેલિફોન પર વાતચીત કરી. આ વાતચીત દરમિયાન, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ યુક્રેન સંબંધિત તાજેતરના વિકાસ પર પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો. શ્રી મોદીએ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો આભાર માન્યો અને સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન માટે ભારતના અડગ અને સુસંગત વલણ અને શાંતિની વહેલી તકે પુનઃસ્થાપનાના પ્રયાસોને સમર્થન આપવાની ખાતરી આપી.

. . . . . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# HM GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતના અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી ગઈકાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે ગઈકાલે તેમણે અમદાવાદમાં શ્યામલ વિસ્તાર અને સરદાર પટેલ સેવા સમાજ દ્વારા યોજાયેલ ગણેશોત્સવમાં હાજરી આપી હતી અને દર્શન કરી આશિષ મેળવ્યા હતા.

પ્રસ્તુત છે એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ – સંસ્કૃતિ ભુંડિયા)**

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . .

# RAJNATH-DEFENCE-CONCLAVE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભાર મૂક્યો છે કે સંરક્ષણમાં આત્મનિર્ભરતા એ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ અસ્તિત્વ અને પ્રગતિ માટે એક શરત છે. તેમણે કહ્યું કે સરકાર માને છે કે આત્મનિર્ભર ભારત તેની વ્યૂહાત્મક સ્વાયત્તતાનું રક્ષણ કરી શકે છે. મંત્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં સંરક્ષણ પરિષદ દરમિયાન આ વાત કહી હતી.

ઓપરેશન સિંદૂરની સફળતા પર પ્રકાશ પાડતા શ્રી સિંહે કહ્યું કે, આ ઓપરેશન દેશની વધતી જતી સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓનું એક ચમકતું ઉદાહરણ છે. તેમણે કહ્યું કે સ્વદેશી સાધનોનો ઉપયોગ કરીને પાકિસ્તાની લક્ષ્યો પર સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલા ચોક્કસ હુમલાઓ દર્શાવે છે કે કોઈ પણ મિશન વિઝન, લાંબી તૈયારી અને સંકલન વિના સફળ થઈ શકતું નથી.. તેમણે ભાર મૂક્યો કે દેશના દળોની સખત મહેનત અને સ્વદેશી સાધનો પર નિર્ભરતાએ ઓપરેશનને અસરકારક અને નિર્ણાયક રીતે અમલમાં મૂક્યું છે.

સુદર્શન ચક્ર મિશનને દેશની ભાવિ સુરક્ષા માટે ગેમ-ચેન્જર ગણાવતા મંત્રીએ કહ્યું કે, આ મિશનનો ઉદ્દેશ્ય દેશભરના મહત્વપૂર્ણ સ્થળોએ રક્ષણાત્મક અને આક્રમક બંને તકનીકોનો ઉપયોગ કરીને સંપૂર્ણ હવાઈ સુરક્ષા પૂરી પાડવાનો છે.

(બાઈટ – રાજનાથ સિંહ)

મંત્રીએ કહ્યું કે, DRDO એ આ મહિનામાં સ્વદેશી સંકલિત હવાઈ સંરક્ષણ શસ્ત્ર પ્રણાલીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે, દેશના તમામ યુદ્ધ જહાજો હવે ભારતમાં બનાવવામાં આવી રહ્યા છે.

. . . . . .

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આસામ, મેઘાલય, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં બે થી ત્રણ દિવસ સુધી આવી જ સ્થિતિ રહેશે. હવામાન વિભાગે આજે બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા અને તેલંગાણા સહિત આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વીજળી અને તોફાની પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

. . . . . . . . .

# RBI - INDIAN ECONOMY

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા RBI ના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું છે કે ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. તેમણે દેશના ઝડપી વિકાસ માટે પ્રધાનમંત્રી જન ધન યોજનાને શ્રેય આપ્યો છે.

RBI ગવર્નરે એવા સમયે જણાવ્યું છે કે જ્યારે ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર 7.8 ટકા જે છેલ્લા પાંચ ત્રિમાસિકમાં સૌથી વધુ છે.

ઈન્દોરમાં સરકારી બેંકોના નાણાકીય સમાવેશ અભિયાન "સંતૃપ્તિ શિબિર" ને સંબોધતા શ્રી મલ્હોત્રાએ કહ્યું કે કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંકે 11 વર્ષ પહેલા બેંકો સાથે મળીને જન ધન યોજના શરૂ કરી હતી, જેના કારણે સમગ્ર દેશમાં વિકાસ થયો હતો. RBI ગવર્નરે કહ્યું કે આ યોજના હેઠળ 55 કરોડ ખાતા ખોલવામાં આવ્યા છે, જેના દ્વારા તેમને બચત, પેન્શન, વીમો, લોન અને અન્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHOOTING - ASIAN CHAMPIONSHIP

કઝાકિસ્તાનના શિમકંદમાં ૧૬મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ચેમ્પિયનશિપમાં ભારત પહેલીવાર 50 સુવર્ણ ચંદ્રકો જીતીને મેડલ ટેલીમાં ટોચ પર રહ્યું છે. ભારતે 26 રજત અને 23 કાંસ્ય ચંદ્રકો સહિત કુલ ૯૯ ચંદ્રકો જીત્યા છે. કઝાકિસ્તાન બીજા અને ચીન ત્રીજા સ્થાને રહ્યું છે.

દરમ્યાન ભારતના અંકુર મિત્તલે ગઈકાલે છેલ્લા દિવસે પુરુષોની ડબલ ટ્રેપ ઇવેન્ટમાં વિશ્વ રેકોર્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. સિનિયર ટીમના શાનદાર પ્રદર્શનમાં મહિલા એર રાઇફલમાં એશિયન રેકોર્ડ સાથે ઇલાવેનિલ વાલારિવનનું બીજું એશિયન ટાઇટલ શામેલ છે. તેણીએ મિશ્ર ટીમ ઇવેન્ટમાં અર્જુન બાબુતા સાથે સુવર્ણ ચંદ્રક પણ જીત્યો હતો. નીરુ ધાંડાએ મહિલા ટ્રેપ ઇવેન્ટમાં એશિયન ચેમ્પિયનશિપમાં ભારતનો પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. સિફ્ટ કૌર સમરાએ મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી-પોઝિશનમાં પોતાનું પહેલું એશિયન ટાઇટલ જીત્યું હતું, જ્યારે ઐશ્વર્યા પ્રતાપ સિંહ તોમરે 50 મીટર રાઇફલ થ્રી પોઝિશન ટાઇટલ જાળવી રાખ્યું હતું. મનુ ભાકરે ત્રણ કાંસ્ય ચંદ્રકો જીત્યા હતા. એશિયન ચેમ્પિયનશિપ માટે ભારતીય સિનિયર શૂટિંગ ટુકડીના 35 સભ્યોએ 15 ઇવેન્ટમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

આજના તમામ અખબારોએ ટ્રમ્પના ટેરીફ અંગેના સમાચારને મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે.

ગુજરાત સમાચાર લખે છે ટ્રમ્પના વળતા પાણી.. ટેરિફ ગેરકાયદે.. અપીલ કોર્ટનો ચુકાદો

સંદેશનું શીર્ષક છે ટ્રંપની ટેરિફને યુએસ કોર્ટે ગેરકાયદે ઠરાવી

નવ ગુજરાત સમય લખે છે ટ્રંપને ફટકો- અમેરિકન કોર્ટે રેસિપ્રોકલ ટેરિફ રદ કરી તો દિવ્યભાસ્કરનું શીર્ષક છે ટ્રમ્પ ટેરીફ ગેરકાયદે પરંતુ હજુ પ્રતિબંધ મુકાયો નથી

આ સાથે પ્રધાનમંત્રી મોદીનું ચીનમાં સ્વાગત અને જીનપીંગ સાથેની મુલાકાત ને પણ તમામ અખબારોએ પ્રથમ પાને સમાવ્યા છે.

જમ્મુમાં વાદળ ફાટ્યાના સમાચાર ને પ્રથમ સ્થાને પાને આપતા સંદેશ લખે છે જમ્મુ અને રામબનમાં ભૂસ્ખલન અને વાદળ ફાટવાના કારણે 11 ના મોત... નવગુજરાત સમયનું શીર્ષક છે જમ્મુમાં ફરી વાદળ ફાટ્યું એક જ પરિવારના સાત સભ્યો સહિત 11ના મોત.

સ્થાનિક સમાચારોમાં... હાલોલમાં 10 ઇંચ વરસાદ, જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં ચાલી રહેલી એડવોકેટની હડતાલ હાલ પૂરતી સમેટાઈ, ઓનલાઈન રીયલ મની ગેમીંગ કેસ મામલે 140 કરોડની જીએસટી ચોરીનું કૌભાંડ ઝડપાયું જેવા વિવિધ સમાચારો પ્રકાશિત કરાયા છે.

. . . . . . . . . . . . . . .